# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **૨૯-૦૭-૨૦૨૫**

- ભાજપની "ચંદા દો... ધંધા લો" ની નીતિનો વધુ એક કૌભાંડ ઉજાગર થયું
- કેનાલોના નબળા બાંધકામ કરનાર શિવાલય ઇન્ફ્રાએ ૩૮ લાખ રૂપિયા અને એ.બી.પટેલે ૭ લાખ રૂપિયા જેટલું ફંડ ભાજપને જમા કરાવ્યું
- છોટા ઉદેપુરની ૨૨૫ કરોડની કેનાલોમાં પાણી છોડાય તે પહેલા જ ભ્રષ્ટાચારના મસમોટા ગાબડા

છોટા ઉદેપુર જીલ્લાના ત્રણ તાલુકામાં સુખી જળાશય યોજના હેઠળ સિંચાઈના લાભ માટે રૂ. ૨૨૫ કરોડના ખર્ચે કેનાલોની ફાળવણી જે પૈકી રૂ ૧૧૭ કરોડના ખર્ચે બનતી કેનાલોના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચારના મસમોટા ગાબડા સામે આવ્યા છે. આ કેનાલોના નબળા બાંધકામ કરનાર શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટએ ૩૮ લાખ રૂપિયા અને એસ.બી.પટેલ એજન્સીએ ૭ લાખ રૂપિયા જેટલું ફંડ ભાજપાને જમા કરાવ્યું છે. ભાજપાની "ચંદા દો... ધંધા લો"ની નીતિ અનુસાર કરોડો રૂપિયાના વધુ એક કૌભાંડ અંગે તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સુખી જળાશય યોજનામાં સિંચાઈ વિભાગના એક્ઝિક્યુટીવ એન્જિનિયરની કચેરીને તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ના ઓજ સિંચાઈ વિભાગના સચિવ દ્વારા રૂ. ૨૨૫ કરોડના કામો માટેની વહીવટી મંજુરી આપવામાં આવી હતી. જેમાં રૂ. ૧૧૭ કરોડના બે પેકેજ કેનાલો બનાવવા માટે તૈયાર કરી ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતા. વડોદરાની શિવાલય ઇન્ફ્રા નામની એજન્સીને તા. ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ રૂ. ૭૦ કરોડના કામોનો વર્કઓર્ડર ૨૧ કી.મી. કેનાલો બનાવવા માટે આપ્યો હતો. અને રૂ. ૬૮ કરોડનું ચુકવણું પણ કરી દેવાયું હતું. આ ઉપરાંત બીજા પેકેજમાં વડોદરાની એસ.બી.પટેલ નામની એજન્સીને રૂ ૪૭ કરોડનો વર્ક ઓર્ડર તા. ૩ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ અપાયો છે. જેને તા. ૦૨ ડીસેમ્બર ૨૦૨૫ સુધી કામ પૂર્ણ કરવાની મુદત અપાઈ છે અને તેને રૂ. ૧૮ કરોડ પણ ચૂકવી દેવાયા છે. બંને એજન્સીઓ દ્વારા કરાયેલા કામોમાં યોગ્ય કામ નહિ થતા કેનાલોમાં મોટા ગાબડા પડતા ભ્રષ્ટાચાર ખુલ્લો પડી ગયો છે.

ગુણવત્તા નિયમનની કચેરીના એન્જીનીયરોને ભ્રષ્ટાચારની તપાસ સોંપવામાં આવી છે અને છોટા ઉદેપુર જીલ્લાના ત્રણ તાલુકામાં બનેલી કેનાલો તેમજ પંચમહાલ જીલ્લાના જામ્બુઘોડા તાલુકામાં બનેલી કેનાલોના કોન્ક્રીટના સેમ્પલો ટેસ્ટીંગ માટે લીધા છે. ૪૦ વર્ષ પછી કેનાલોના કામો હાથ ધરવામાં આવ્યા અને તેમાં પણ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યા હોવાનું ખુલ્લું થયું છે. કેનાલના કામો દરમિયાન કોન્ક્રીટના કામ દરમિયાન માટીપુરાણ અને પાણી છાંટવાની કામગીરી યોગ્ય રીતે નહિ થતા કેનાલમાં પાણી છોડતા પહેલા જ કેનાલમાં ગાબડા પડવાનું શરુ થઇ ગયું છે. ભાજપની "ચંદા દો... ધંધા લો" ની નીતિનો વધુ એક કૌભાંડની તટસ્થ તપાસની માંગ કોંગ્રેસ પક્ષ કરે છે.

| કંપની નું નામ | ભાજપાને ફંડ |
|---|---|
| શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટ | ૩૮,૫૦,૦૦૦ |
| એસ.બી.પટેલ એજન્સી | ૬.૭૦.૦૦૦ |


**( ડૉ. મનિષ એમ. દોશી )**
**મીડિયા કન્વીનર અને પ્રવક્તા**
**Mob : 9426001599**